(13)

## રજાપ્રવાસ-રાહત હેઠળ ભાડાના વાહન દ્વારા કરાયેલ મુસાફરી અંગે

ગુજરાત સરકાર, નાણાં વિભાગ, ઠરાવક્રમાંક : મસભ-102001-2359(1)-ચ,
સચિવાલય, ગાંધીનગર, તા. 27-3-2001

*વંચાણે લીધા :* (1) *નાણાં વિભાગનો ઠરાવક્રમાંક : મસભ-2166-4298-જ, તા. 15-10-'66.*

(2) *નાણાં વિભાગનો ઠરાવક્રમાંક : મસભ-1099-324-જ, તા. 21-4-'99.*

**ઠ રા વ :** રજાપ્રવાસ-રાહત અંગેના પ્રવર્તમાન હુકમો અનુસાર રજાપ્રવાસ-રાહત હેઠળની મુસાફરી જાહેર વાહનો દ્વારા કરવાની રહે છે, પરંતુ આમુખમાં ક્રમાંક(2) આગળ દર્શાવેલ ઠરાવની જોગવાઇ અનુસાર રેલવેસેવાથી સંકળાયેલ ન હોય એવાં સ્થળો વચ્ચે ભાડાનાં વાહનો દ્વારા મુસાફરી કરવાની છૂટ છે. આવાં સ્થળો વચ્ચે કરેલ મુસાફરી અંગેનો દાવો પબ્લિકબસનું ભાડું અથવા ખરેખર ચૂકવેલ ભાડું એ બેમાંથી જે ઓછું હોય તે મળવાપાત્ર છે.

ઉપરોક્ત જોગવાઇ અનુસાર રેલવેથી જોડાયેલ ન હોય તેવાં સ્થળો વચ્ચે ભાડાના વાહન દ્વારા કરેલ મુસાફરી અંગેના દાવાઓ પબ્લિકબસની ભાડાની મર્યાદામાં વિનિયમિત કરવામાં ઘણી મુશ્કેલીઓ પડે છે. સામાન્ય રીતે કર્મચારી રજાપ્રવાસ-રાહત હેઠળ ભારતના જુદા જુદા પ્રાંત/રાજ્યોમાં જતા હોય છે ત્યારે રેલવેથી સંકળાયેલ ન હોય તેવાં સ્થળો વચ્ચે મોટા ભાગે ભાડાનાં વાહનો દ્વારા જ મુસાફરી કરતા હોય છે. કર્મચારી જે-તે રાજ્યના રાજ્ય પરિવહન નિગમ સંચાલિત બસના રૂટ તેમ જ સમયપત્રકથી અજાણ હોય છે. જો એસ.ટી. બસ દ્વારા પ્રવાસ કરવા જાય તો પહેલાથી નિયત કરેલ પ્રવાસકાર્યક્રમ મુજબ રેલવે દ્વારા જોડાયેલ સ્થળો વચ્ચે કરાવવામાં આવેલ રેલવે આરક્ષણો મુજબ ટ્રેનો પકડવા માટે જે-તે નિર્ધારિત રેલવેસ્ટેશને પહોંચી શકાતું નથી. આ હકીકતો જોતાં એલ.ટી.સી. ભોગવતા કર્મચારી જે સ્થળો રેલવેથી જોડાયેલ નથી તેવાં સ્થળો વચ્ચે ભાડાના વાહન દ્વારા કરેલ મુસાફરીના સમર્થનમાં ચુકવેલ વાહનભાડાની પહોંચ રજૂ કરે છે, પરંતુ પબ્લિકબસના ભાડા અંગેના દરની વિગતો આપી શકતા નથી અને મુસાફરીની વિગતોમાં પણ આધાર આપી શકતા નથી. આ મુશ્કેલીના નિવારણ માટે આથી નીચે મુજબ ઠરાવવામાં આવે છે :

રેલવેથી જોડાયેલ ન હોય તેવાં બે સ્થળો વચ્ચે ભાડાના વાહન દ્વારા કરેલ મુસાફરી અંગેનો દાવો પબ્લિકબસનું ભાડું અથવા ખરેખર ચૂકવેલ રકમ એ બેમાંથી જે ઓછું હોય તેની મર્યાદામાં દાવો વિનિયમિત કરવાની પ્રવર્તમાન જોગવાઇમાં સુધારો કરીને આ અંગેનો દાવો ટૂંકામાં ટૂંકા રોડમાર્ગ મુજબ થતું કિલોમીટરમાં અંતર ગણી રેલવેભાડાના કોઠા મુજબ પ્રથમ વર્ગ અને તેની ઉપરના વર્ગમાં મુસાફરી માટે પાત્રતા ધરાવતા કર્મચારીઓના કિસ્સામાં વધુમાં વધુ સાદા પ્રથમ વર્ગનું ભાડું અથવા ખરેખર ચૂકવેલ વાહનભાડું એ બેમાંથી જે ઓછું હોય તે મળવાપાત્ર થશે અને જે કર્મચારીઓ રેલવેના બીજા વર્ગમાં મુસાફરી માટે પાત્રતા ધરાવતા હોય તેવા કિસ્સામાં રેલવેના બીજા વર્ગનું સાદું ભાડું અથવા ખરેખર ચૂકવેલ વાહનભાડું એ બેમાંથી જે ઓછું હોય તે મળવાપાત્ર થશે. કર્મચારી દ્વારા આવો દાવો રજૂ કરવામાં આવે ત્યારે આ બે સ્થળો વચ્ચે રોડમાર્ગનું ટૂંકા માર્ગનું કિલોમીટરમાં થતું અંતર મુસાફરી અંગેની વિગતોમાં દર્શાવવાનું રહેશે.

રજાપ્રવાસ-રાહત અંગેની અન્ય જોગવાઇઓ યથાવત્ રહેશે.

ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

સહી, એમ. એચ. સૈયદ
સેક્શન અધિકારી, નાણાં વિભાગ

* * *